### જાંબુવાના સાંકડા બ્રિજ ઉપર ખાડા પુરવાની કામગીરી બાદ ટ્રાફિકજામ

# 18 કિલોમીટર લાંબો ટ્રાફિકજામ સર્જાતા તંત્રમાં દોડધામ મચી ગઈ




**જલ્દી** નીકળવાની લ્હાયમાં મોટા વાહનો અટવાતા ટ્રાફિક જામ થઇ ગયો

(પ્રતિનિધિ) વડોદરા તા.1

નેશનલ હાઇવે નંબર 8 પર આવેલા રોડ કરતાં સાંકડા બ્રિજ ઉપર દિન બ દિન ટ્રાફિક સમસ્યા વકરી રહી છે. ગઈકાલે રોડ ઉપર પડેલા ખાડા પૂરવાની કામગીરી દરમિયાન વાહનોને ત્રણમાંથી બે માર્ગ ઉપર ચલાવવાની સૂચનાઓ આપી હતી જેના પરિણામે નાના વાહનો એ આડેધડ નીકળતા 18 km સુધી ભારદારી વાહનોની કતાર લાગી ગઈ હતી. જલ્દી નીકળવાની લ્હાયમાં મોટા વાહનો અટવાતા ટ્રાફિક જામ થઈ ગયો હતો.

ઉલ્લેખનીય છે કે સરકારના તમામ વિભાગોએ 24 કલાક પહેલા સંકલન કરીને ટ્રાફિક જમની સમસ્યાનું નિકાલ લાવવા સૂચનો કર્યા હતા તે તમામ પાણીમાં ગયા કોઈ એટલો ટ્રાફિક જામ રોડ પર નજરે પડતો હતો ટ્રાફિક જામની સમસ્યાનું નિરાકરણ લાવવા સરકારના તમામ વિભાગ વામણા પુરવાર થયા હતા.


વરસાદનું પ્રારંભ થયો ત્યારથી જ જમવા બ્રિજની આસપાસ ટ્રાફિક જામની સમસ્યા તંત્ર માટે માથાના દુખાવા સમાન સાબિત થઈ છે. આજ સુધી કોઈ નિરાકરણ આવી શક્યું નથી.

### કલાકો સુધી રસ્તો બંધ રાખવામાં આવતા વાહન ચાલકો ત્રાહિમામ

# વડોદરાના હાઈવે પર રાતે જશો તો પણ ફસાઈ જશો : વાહનો રોકી ખાડા પુરવાની કરાતી કામગીરી

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા જાંબુવાથી દુમાડ ચોકડી સુધીના નેશનલ હાઈવે નંબર 48 પર સફર હાલ લોકો માટે નરક યાત્રા બનેલી છે. રસ્તાના ઘણા ભાગે મોટા અને ઊંડા ખાડાઓ પડી ગયા છે, જેના કારણે વાહન ચલાવવું જોખમી બની ગયું છે. રસ્તાની ખરાબ હાલતને લઈ મુસાફરો અને ડ્રાઈવર ખૂબ હેરાની ભોગવી રહ્યા છે.



ગત ગુરુવારની રાતે 1 વાગ્યાની આસપાસ તંત્રએ રસ્તાની બિસ્માર હાલત માટે રસ્તો રોકીને જ્યાં મોટી સંખ્યામાં ખાડા હતા ત્યાં પેચ વર્ક નું કામ હાથ ધરાયું. આ કામગીરી દરમિયાન ભારદારી અને સામાન્ય વાહનોને અવરજવરથી રોકી દેવાયા, જેના કારણે વાહન ચાલકો રાત્રે પણ ટ્રાફિકમાં અટવાઈ ગયા.

વાહનચાલકો રાત્રે થાકીને ઘર તરફ જઈ રહ્યા હોય ત્યારે રાહત મળવાની જગ્યા એ તંત્ર ના ભોગે કલાકો સુધી ટ્રાફિકમાં ઊભા રહ્યા, પણ કલાકો સુધી રાહ જોવા છતાં વજન ચાલકો, અને અન્ય મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા. રાત્રિના સમયે ટ્રાફિક ઓછો થતો હોય છે તેમ સમજી મુસાફરો રાત્રે પોતાના સ્થળ પર પહોંચવા નીકળતા હોય છે છતાં દિવસ દરમિયાન હાઈવે પર ટ્રાફિક ની મુસીબત હોય તેવીજ સ્થિતિ રાત્રે પણ જોવા મળી હતી જેને લઈ વાહન ચાલકો માં રોષ જોવા ફેલાયો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ખાડા માત્ર રેતી કે લૂઝ મટિરિયલ વડે પૂરવામાં આવ્યો છે. એટલે ફરીથી થોડા જ સમયમાં તે ખાડાઓ ઊંડા બની શકે છે એવી ભીતિ છે. ખાડાઓ ને પૂરતી મજબૂત રીતે નહીં ભરાતા, સ્થિતિ યથાવત રહેવાની આશંકા છે. આ રસ્તા પર સવારે અને સાંજે જ નહીં પણ હવે રાત્રે પણ વાહન ચાલકોને તકલીફ ભોગવવી પડે છે. સ્થાનિક લોકો અને ભારદારી વાહનના ડ્રાઈવર ફરિયાદ કરે છે કે રસ્તાની આવી હાલત તંત્રના બેદરકાર વલણને બતાવે છે. લોકોની મુખ્ય માંગ છે કે હવે વધુ સમય ગુમાવ્યા વગર હાઈવે પર યોગ્ય રીતે કોંક્રિટ અથવા ટકાઉ સામગ્રી વડે રસ્તાનું સંપૂર્ણ સમારકામ થવું જોઈએ. માત્ર ખાડા પૂરી દેવાંથી સમસ્યા દૂર થતી નથી.

## ફતેપુરામાં વૃદ્ધ વેપારીનો મોબાઈલ ઝૂંટવી ભાગેલો ગઠિયો ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરના ન્યુ વીઆઈપી રોડ પર ખોડિયાર નગર ચોકડી પાસે આવેલા સંગી ફ્લેટમાં રહેતા ગોપાલ ગીરધરલાલ રાજપૂત (ઉં.વ,.60) ફતેપુરા પાસે સાવરણી તથા પરચુરણ સામાનનો વેચાણ કરે છે. 31 જુલાઈના રોજ ગ્રાહકના સ્વાંગમાં એક શખ્સ તેમની પાસે આવ્યો હતો અને સાવરણી બતાવો તેમ કહેતા વૃદ્ધ સાવરણી બતાવવા માટે નીચે નમ્યા હતા ત્યારે ગઠિયાએ ટેબલ પરથી મોબાઈલ ઉપાડી લીધો હતો. જેથી વૃદ્ધે મોબાઈલ ઝુંટવી લેતા તેમને ધક્કો મારીને મોબાઈલ પરત ઝુંટવી ભાગી ગયો હતો. જેથી વૃદ્ધે કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારે પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી હિમેશ અતુલ પરમાર (રહે. યાકુતપુરા,પટેલ ફળિયા 1ની પાસે ગોકુલધામ બિલ્ડિંગની બાજુમાં વડોદરા)ને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી મોબાઈલ રિકવર કરી લેવાયો છે.

### સરદાર એસ્ટેટમાં આઈસર ખાડામાં ફસાઈ



■ વડોદરા શહેરમાં રસ્તાની નબળી કામગીરીના કારણે સરદાર એસ્ટેટ માં આવતા મોટા વાહનો રસ્તામાં ફસાઈ ગયા હતા ખાડાઓ દૂરસ્થ કર્યા બાદ વ્યવસ્થિત રીતે પુરાણ ન ભરતા ભારધારી વાહનો ખાડામાં ફસાઈ ગયા હતા વિસ્તારના કંપનીના કર્મચારીઓ દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં પણ તંત્ર દ્વારા નિષ્કાળજી દાખવતા લોકો પરેશાન થાય છે. **(તસવીર : રણજીત સૂર્વે)**

### વડોદરા ટ્રાફિક પોલીસ અને કોર્પોરેશનની દબાણશાખાની સંયુક્ત કાર્યવાહી

# સતત ત્રીજા દિવસે વાઘોડિયા બ્રિજ નીચેના દબાણો દૂર કરાયા, બે ટ્રક ભરી સામાન જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા મહાનગરપાલિકા અને ટ્રાફિક વિભાગની સંયુક્ત ટીમે સતત ત્રીજા દિવસે વાઘોડિયા બ્રિજ, જાંબુવા તથા અહિયાંના મુખ્ય માર્ગો પરથી ગેરકાયદેસર લારી-ગલ્લા, દબાણો અને આડેધડ પાર્કિંગ સામે તંત્રની મોટી કાર્યવાહી, દંડ અને મેમોથી દબાણકર્તાઓમાં ફફડાટ.

વડોદરા પાલિકા અને પોલીસ વિભાગ દ્વારા જે રીતે દબાણકર્તા સામે લાલ આંખ કરી છે તેમ, કોરોનશન અને ટ્રાફિક વિભાગ દ્વારા સતત ત્રીજા દિવસે દબાણ હટાવા માટે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ખાસ કરીને વડોદરા મહાનગરપાલિકા અને ટ્રાફિક પોલીસના સંયુક્ત પ્રયાસો હેઠળ વાઘોડિયા ચોકડી અને આસપાસના વિસ્તારોમાં આ મેગા ઓપરેશન ચાલ્યું. શહેરના મુખ્ય માર્ગો, ખાસ કરીને વાઘોડિયા બ્રિજ નીચે અને નેશનલ હાઈવેના ભાગ પર આવેલા લોકલ લારી-ગલ્લા, કાચા દબાણો અને આડેધડ પાર્ક થયેલા વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમે છેલ્લા ત્રણ દિવસમાં દુમાડ તેમજ હાઇવે પર રોડ ની આજુબાજુ ગેરકાયદેસર દબાણો હટાવી ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તેની કરવી કરી રહી છે, શુક્રવારે સવારથીજ વાઘોડિયા બ્રિજ વિસ્તૃત વિસ્તારમાંથી દબાણો દૂર્વાકારી બે ટ્રક જેટલો




ગેરકાયદેસર સામાન જપ્ત કર્યો છે. આ ઓપરેશન દરમ્યાન દબાણકર્તાઓમાં ગભરાહટ જોવા મળી અને ઘણા લારી-ગલ્લા ધારકો તેમનો સામાન છોડીને ભાગતા દ્રશ્યો જોવા મળ્યા. ટ્રાફિક વિભાગે રસ્તા પર ખોટી રીતે ઊભા રાખેલા વાહનોનાં ચાલકોને મેમો આપી અને તેમની સામે દંડ વસુલ્યો હતો.

ઓપરેશનોના મુખ્ય હેતુ શહેરની ટ્રાફિક સમસ્યા, ખાસ કરીને નેશનલ હાઈવે પરથી વાહનવ્યવહાર સરળ બનાવવાનો છે. અમદાવાદ-મુંબઇ હાઈવે પર, ખાસ કરીને જાંબુવા વિસ્તારમાં વારંવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હતી જેના નિવારણ માટે સ્થાનિક તંત્રએ મજબૂત પગલાં લીધા છે.

## KRNએ ત્રિમાસિકમાં ચોખ્ખા નફામાં 35%ની વૃદ્ધિ નોંધાવી

વડોદરા : કેઆરએન હીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિમિટેડ, એલ્યુમિનિયમ/કોપર ફિન્સ, કોપર ટ્યુબ હીટ એક્સ્ચેન્જર્સ, વોટર કોઈલ્સ અને કન્ડેન્સર અને ઈવેપોરેટર કોઈલ્સના અગ્રણી મેન્યૂફેક્ચરર્સ અને નિકાસકારો પૈકીની એકે નાણાકીય વર્ષ 26ના પ્રથમ ત્રિમાસિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે.

કેઆરએનના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંતોષ કુમારે જણાવ્યું, "અમે નાણાકીય વર્ષ 26માં મજબૂત શરૂઆત કરી છે. અમારી પેટાકંપની, કેઆરએન એચવીએસી પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ હેઠળ અમારા નીમરાના પ્લાન્ટનું સફળત્તમ કાર્યરત થવું એ અમારી વૃદ્ધિ યાત્રામાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે. આ અત્યાધુનિક મેન્યૂફેક્ચરિંગ હબ ઉત્પાદનને સ્થાનિક બનાવવાની, ઘરેલૂ અને નિકાસ બજારોને વધુ કાર્યક્ષમ રીતે સેવા આપવાની અને પશ્ચાદવર્તી એકીકરણને મજબૂત બનાવવાની અમારી ક્ષમતામાં મહત્વપૂર્ણ રીતે વધારો કરે છે.

### આજવા રોડ રામનગર વિસ્તારમાં જીવલેણ ખાડા




■ આજવા રોડ ખાતે આવેલા રામનગર વિસ્તારના નાકે મોસમોટા ખાડા પડેલા છે. વરસાદનું પાણી તેમાં ભરાતા ત્યાંથી અવરજવર કરતા સ્થાનિકોને પરેશાનીનો સામનો કરવો પડે છે. રાત્રિના સમયે વાહન ચાલકોને આ ખાડા ન દેખાવાના કારણે અકસ્માતનો ભોગ બને છે.

## એરપોર્ટ ઓથોરિટી પાસે નવરાત્રીના ગરબા વાળી કાર્પેટને હટાવવા માગ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા એ સંસ્કારી નગરી છે એમાંય અહીં નવરાત્રી સહિતના ધાર્મિક તહેવારો ઉત્સવોને ખૂબ જ ભક્તિભાવ સાથે ઉજવવામાં આવે છે. પરંતુ વડોદરા એરપોર્ટમા વીઆઈપી લોન્જ કે જ્યાં અરાઇવલ અને ડિપાચર થી જે પણ કોઈ વીઆઈપી અને મુસાફરો આવતા હોય છે તેઓના માટે અહીં જે કાર્પેટ બિછાવવામાં આવી છે તે કાર્પેટ ઉપર ગુજરાતની સંસ્કૃતિ , સંસ્કારી નગરીની સભ્યતા સમા નવરાત્રી ચિત્રો છે આ કાર્પેટ પરથી લોકો અવરજવર કરી એક રીતે આપણા ધર્મ અને સંસ્કૃતિ નું અપમાન કરી રહ્યા હોય આ મુદ્દે મુસાફરો દ્વારા એરપોર્ટ ઓથોરિટી તથા વડોદરાના સાંસદ સહિત નેતાઓને આ કાર્પેટ તાત્કાલિક ધોરણે હટાવવાની માંગ કરી છે અને જો આ કાર્પેટ વહેલી તકે નહીં હટાવવામાં આવે તો આ સાંખી નહીં લેવાય તેવી ચિમકી તેમણે ઉચ્ચારી હતી. નવરાત્રી એ મહોત્સવ ની સાથે આપણા ધાર્મિક



અને સાંસ્કૃતિક સભ્યતા પણ છે જેના પર લોકો પગરખાં સાથે ચાલીને અપમાન કરે તે સાંખી ન શકાય એરપોર્ટ ઓથોરિટી ને આ અંગે જાણ કરી છે પરંતુ આ અંગે હજી સુધી કોઈ કાર્યવાહી કરવામાં નથી આવી માટે ફરી એકવાર આ કાર્પેટ તાત્કાલિક ધોરણે હટાવવા માંગ કરી છે.

### વડોદરામાં ફરી રક્ષિત કાંડ સર્જાતા રહી ગયો

# પીધેલા કાર ચાલકે વૃદ્ધને હવામાં ફંગોળ્યા, સદનસીબે આબાદ બચાવ

**પકડાવાના** ડરથી ભાગેલા ચાલકે વારસિયા રીંગ રોડ પર વધુ એક અકસ્માત સર્જ્યો

(પ્રતનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરમાં વધુ એકવાર રક્ષિત કાંડ સર્જાતા રહી ગયો હતો. ગોલ્ડન ચોકડીથી નશો કરેલી હાલતમાં ચાલક કાર દોડાવી આવી રહ્યો હતો અને માણેક પાર્ક એરપોર્ટ સર્કલ પાસે એક વૃદ્ધને અડફેટે લીધા હતા. પકડાવાના ડરથી નશામાં ધૂત ચાલકે ઓવર સ્પીડમાં કાર ચલાવી સંગમથી વારસિયા રીંગ રોડ તરફ આવ્યા હતા અને પંચશીલ પાસે વધુ એક અકસ્માત સર્જ્યો હતો. દરમિયાન દોડી આવેલી વારસિયા પોલીસે નસેડી કાર ચાલક અને સહિત બેને ઝડપી પાડ્યા હતા. તેમની કારમાં તલાસી લેતા વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે કાર અને દારૂની બોટલો કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



શહેરમાં અકસ્માત ના બનાવો અવારનવાર બની રહ્યા છે. ત્યારે જબુગામથી કાર ચાલક દારૂનો નશો કરેલી હાલતમાં પુરઝડપે કાર દોડાવી આવી રહ્યો હતો અને વડોદરાની ગોલ્ડન ચોકડીથી માણેક પાર્ક એરપોર્ટ પાસે એક વૃદ્ધને અડફેટે લીધા હતા. જેમાં લોકો ભેગા થઇ ગયા હતા. ત્યારબાદ લોકોએ પીછો કરતાં ચાલકે ઓવર સ્પીડમાં કાર ભગાવી સંગમથી વારસિયા રીંગ રોડ પર આવ્યો હતો અને પંચશીલ પાસે વધુ એક અકસ્માત સર્જ્યો હતો. દરમિયાન વારસિયા પોલીસને અકસ્માતની વર્ધી મળતા તુરંત સ્થળ પર પહોંચી ગઈ હતી અને નશો કરેલી હાલતમાં ચાલક સહિત બે જણાને ઝડપી પાડ્યા હતા. બંનેને વારસિયા પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયા બાદ બંનેની પૂછપરછ શરૂ કરી હતી. તેમની કારમાં તલાસી લેતા દારૂની બોટલો મળી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે ત્યારે પોલીસે કાર અને દારૂની બોટલો કબજે કરી આ બંને શખ્સ વડોદરામાં કોને દારૂની ડિલિવરી આપવા માટે આવ્યા હતા તેની પણ તપાસ શરૂ કરી છે.

વારસીયા પોલીસે નશેડી કાર ચાલક નિલેશ હિટલરસિંહ રાજપૂત (રહે. યોગેશ્વર સોસાયટીમાં ડીમાર્ટ પાછળ વાસણા રોડ વડોદરા ) તથા સતિષ જીવરામ ચૌહાણ (રહે. પુજા ડુપ્લેક્ષ ગોત્રી પોલીસ સ્ટેશનની પાછળ ગોત્રી વડોદરા )ની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### નશો કરીને આવતો પતિ દારૂ પિવા માટે દબાણ કરતો હાવાનો પરીણિતાનો આક્ષેપ

# પરીણીતાપર ત્રાસ ગુજારતા અમદાવાદના પતિ તથા સાસુ-સસરા વિરુદ્ધ ફરિયાદ

**કંટાળીને** પરીણિતા પિયરમાં જતી 4 મહિના બાદ આવી છતાં સાસરીયાના સ્વભાવ સુધર્યો નહી

(પ્રતિનિધિ) વડોદરા તા.1

અમદાવાદ ખાતે રહેતી પરીણીતાને પતિ અને સાસુ -સસરા નાની બાબતેમાં મહેણા ટોણા મારવા સાથે ઝઘડા કરતા હતા.ઉપરાંત સાસુ સસરા ચઢામણી કરતા પતિ દ્વારા પત્નીને માર મારવામાં આવતો હતો. દારૂના રવાડે ચડી ગયેલા પતિએ પત્નીને દારૂ પીવા માટે દબાણ કરવા સાથે દારૂનો ગ્લાસ હાથમાં પકડાવી ફોટો પણ પડાવ્યો હતો. પરીણીતા સાસરીયાના ત્રાસથી કંટાળી પિયર જતી રહી હતી ચાર મહિના બાદ આવી તેમ છતાં પતિ અને સાસુ સસરાએ ફરી ઝઘડા શરૂ કરી દેતા પરીણીતાએ પતિ અને સાસુ સસરા વિરુદ્ધ અટલાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

અટલાદરા નારાયણવાડીની વૃંદાવન સોસાયટીમાં રહેતા ગૌતમીબેન વ્યાસના વર્ષ 2022માં અમદાવાદમાં રહેતા પાર્થ વ્યાસ સાથે સમાજના રિતી રિવાજ મુજબ મારા લગ્ન થયા હતા. લગ્ન પરીણિતા અમદાવાદ સાસરીમાં સાસુ અને સસરા સાથે સંયુક્ત પરીવારમાં રહેવા માટે ગઈ હતી. લગ્નના નવ દિવસ સારુ રાખ્યા બાદ સાસુ ભારતી વ્યાસ, સસરા કીશોર વ્યાસ પુત્રવધૂ સાથે સારુ રાખતા ન હતા. લગ્નજીવન દરમિયાન પરીણીતા ગર્ભવતી થતાં પિયર વડોદરાના અટલાદરા ખાતે રહેવા માટે આવી હતી એ દીકરાને જન્મ આપ્યો હતો. ત્રણ મહીના બાદ તેમના માતા પિતા પરીણિતા તથા પુત્રને સાસરીમા મુકવા માટે આવ્યા હતા. ત્યારબાદ સસરા કીશોરભાઈએ તારી આ ઘરમા કોઈ કાર આપી નથી જેથી મે જેમ કહુ તેમ તારે કરવાનું છે. સાસુ સસસ અવાર-નવાર જમવાનુ બનાવવા બાબતે ચઢામણી કરતા પતિ પત્ની સાથે ઝઘડો કરી માર મારતો હતો. પતિ સ્વસ્તીક ગુપમાથી છોડી સન બીલ્ડર્સ ગ્રૂપમા નોકરીએ લાગતા જુદા-જુદા બિલ્ડરો તેમજ ગ્રાહકોના સંપર્કમાં આવતા દારુ પીવાના રવાડે ચડી ગયો હતો. ઉપરાંત પરીણીતાને પણ કોઈવાર દારુ પીવા માટે દબાણ કરતા હતા અને જબરજસ્તીથી દારુનો ગ્લાસ હાથમાં પકડાવી ફોટો પાડી લીધો હતો. અવાર-નવાર પતિ તથા સાસુ-સસરા પરીણીતા સાથે ઝઘડા કરતા હોય પીયરમા આવી ગઇ હતી. ચાર મહીના પતિ સાથે સમાધાન થઈ જતા સાસરીમા રહેવા ગઇ હતી પરંતુ તેમના કોઈ સુધાર આવ્યો ન હતો અને ફરી સાસુ-સસરા તથા પતિ તેમની સાથે ઝઘડો કરી શારીરિક-માનસિક ત્રાસ આપતા હોવાના કારણે કંટાળીને પરીણીતાએ અટલાદરા પોલીસ સ્ટેશનમાં પતિ અને સાસુ તેમજ સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# ભાડે ફેરવવા માટે લીધા કાર લઈ ફરાર થયેલો રીઢો આરોપી ઝડપાયો

**ક્રાઇમ** બ્રાન્ચે બે વર્ષથી નાસતા ફરતા આરોપીને દબોચી સયાજીગંજ પોલીસને સુપ્રત કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વાઘોડિયા રોડ પર રહેતા ટ્રાવેલ્સનો ધંધો કરતા વેપારીના કાર ભાડે ફેરવવાના બહાને લઇ ગયાં બાદ બંને શખ્સ ભાડુ તથા કાર પરત આપતા ન હતા. સંચાલકે ઠગાઈની ફરિયાદ નોંધાવતા ક્રાઈમ બ્રાન્ચે નાસતા ફરતા રીઢા આરોપીને ઝડપી પાડી સયાજીગંજ પોલીસને સોંપ્યો છે.

વડોદરા શહેરના વાઘોડિયા રોડના અને હાલમાં આણંદના ભાલેજ રોડ પર આવેલી અલ્સાદ રેસિડેન્સીમાં રહેતા મહમંદ અલ્ફાઝ મહંહમદ અનીશ વ્હોરા અને તેના સાગરીતે વર્ષ 2020માં ટ્રાવેલ્સનો ધંધો કરતા સંચાલક પાસેથી બલેનો કાર ભાડે ફેરાવવા માટે લીધી હતા. છ મહિના સુધી ભાડાની રકમ તથા કાર પણ પરત નહી આપતા હોય સંચાલકે ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. પરંતુ આરોપી પોલીસ ધરપકડથી બચવા માટે નાસતો ફરતો હતો. પોલીસે કોર્ટમાંથી આરોપી મહંમદ અલ્ફાઝની સામે કોર્ટમાંથી વોરંટ ઈસ્યુ થયું હતું. ક્રાઈમ બ્રાન્ચની ટીમ 31 જુલાઈના રોજ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી હતી. મળેલી બાતમીના આધારે ઠગાઈના ગુનાનો આરોપી મહંમદ અલ્ફાઝ વ્હોરાને ઝડપી પાડ્યો હતો. આગળની કાર્યવાહી માટે આરોપીને સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આરોપી ગુનાઈત ભૂતકાળ ધરાવે છે. તેના સામે અગાઉ માંજલપુર, બાપોદ, નવાપુરા, સિટી, સયાજીગંજ તથા છોટાઉદેપુરના બોડેલી પોલીસ સ્ટેશનમાં ઠગાઈના તેમજ અમદાવાદાના વિવેકાનંદ પોલીસ સ્ટેશનમાં વાહનચોરી તથા લક્ષ્મીપુરા નારોલ પોસ્ટેમાં જાહેરનામા ભંગનો ગુનો દાખલ થવા સાથે ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં સરકારી કામમાં રૂકાવટ કરી કર્મચારી પર હુમલો કર્યો હોવાના ગુના મળી કુલ 10 ગુનામાં ધરપકડ થઇ ચૂકી છે.

### વિસર્જન સમયે 105 બોયા, 70 તરવૈયા અને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરાઈ

# દશામા વિસર્જન માટે શહેરમાં 7 તળાવો તૈયાર, 4.25 કરોડ લીટર પાણીની સંગ્રહ ક્ષમતા

**ડો. શીતલ** મિસ્ત્રીની અપીલ; માત્ર નિર્ધારિત તળાવમાં જ વિસર્જન કરો

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરમાં દશામા વિસર્જન માટે કુલ 7 તળાવો તૈયાર કરવામાં આવ્યા છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા આ તળાવો પૈકી 5 તળાવો કૃત્રિમ બનાવવામાં આવ્યા છે જ્યારે 2 તળાવો કુદરતી છે. તળાવો સાથે સંબંધિત તમામ વ્યવસ્થાઓ મહાનગરપાલિકા દ્વારા પૂરતી કરવામાં આવી છે. સ્થાયી સમિતિ અધ્યક્ષ ડૉ. શીતલ મિસ્ત્રીએ જણાવ્યું કે, દશામા વિસર્જન માટે શહેરમાં કુલ 4.25 કરોડ લીટર પાણી સંગ્રહ ક્ષમતા ધરાવતા તળાવોનું આયોજન કરાયું છે. તમામ તળાવો ખાતે 105 બોયા, 29 તરાપા, 70 તરવૈયા, 21 સિક્યુરિટી ગાર્ડ, ફાયર વિભાગના



જવાનો, સફાઈ કામદારો, પીવાનું પાણી, લાઈટિંગ, ફેંસિંગ, આરતી માટે ટેબલ અને નિર્માલ્ય કળશ જેવી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. અંતે ડૉ. શીતલ મિસ્ત્રીએ નાગરિકોને વિનંતી કરી છે કે વિસર્જન માટે માત્ર મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત તળાવોમાં જ મૂર્તિ વિસર્જન કરવામાં આવે જેથી નદી કે ખાલી જગ્યા પ્રદૂષિત ન થાય.

#### કૃત્રિમ તળાવોનું માપ અને ક્ષમતા

**તરસાલી શાકમાર્કેટ સામે** - માપ 25x15x3 મીટર, ક્ષમતા 6,75,000 લીટર

**મકરપુરા ગામ પાસે** - માપ 25x15x3 મીટર, ક્ષમતા 6,75,000 લીટર

**ભાયલી પ્રિયા સિનેમા પાસે** - માપ 35x30x4 મીટર, ક્ષમતા 38,85,000 લીટર

**બિલ મઢી સ્મશાન સામે** - માપ 40x35x4 મીટર, ક્ષમતા 51,80,000 લીટર

**કિશનવાડી દાવડાનગર રોડ પર** - માપ 30x30x4 મીટર, ક્ષમતા 9,00,000 લીટર

#### કુદરતી તળાવો

**હરણી તળાવ** - માપ 25x25x2 મીટર, ક્ષમતા 6,25,000 લીટર

**ગોરવા દશામા તળાવ** - માપ 110x70x8 મીટર, ક્ષમતા 77,00,000 લીટર